## હરિ નજર - ખરી નજર




સાહેબને આમ ને આમ પકડીને જ ઑફિસે લઈ જજો ને પછી જ દોરી ખોલજો.... છૂટા મૂકશું તો કંઈનું કંઈ બાફી મારશે !

## જૈન સોશ્યલ ગૃપ દ્વારા ૭મીએ તપસ્વીઓ અને તેજસ્વી તારલાઓનું સન્માન યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના જૈન સોશ્યલ ગૃપના પ્રમુખ આર.ડી. ગાંધીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે જૈન સોશ્યલ ગૃપ દ્વારા તા. ૭મી ઓક્ટોબર ૨૦૧૨ને રવિવારે સવારે ૯ થી ૧ વાગ્યા દરમિયાન સેક્ટર-૭, કોમ્યુનિટી હોલ, ગાંધીનગર ખાતે સમસ્ત જૈન સમાજના તપસ્વીઓના બહુમાનનો તથા તેજસ્વી તારલાઓના બહુમાનનો કાર્યક્રમ યોજાશે. જૈન સોશ્યલ ગૃપ દ્વારા યોજાનાર તપસ્વીઓનાં અને તેજસ્વી તારલાઓના સન્માન સમારંભમાં એપોલો હોસ્પિટલનાં કાર્ડીયાક સર્જન ડૉ. પરાગ શેઠનું 'હાર્ટ કેર' વિશે રસપ્રદ પ્રવચન યોજાશે. ગૃપના સભ્યોએ સમયસર પધારવા ખાસ જણાવાયું છે.

## ચૌધરી આર્ટ્સ કૉલેજના દ્વારા વન્ય પ્રાણી સપ્તાહ નિમિત્તે ક્વિઝ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૫

સૅક્ટર-૭ ખાતે કાર્યરત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી નિમિત્તે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પર્યાવરણ વિષય પર આધારિત આ ક્વિઝ સ્પર્ધામાં કૉલેજની ૧૦૦ ઉપરાંત વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

સ્પર્ધાની શરૂઆતમાં ડેપ્યુટી વન સંરક્ષણ અધિકારી ટી એલ પટેલે પર્યાવરણ જાગૃતિ અંગે વ્યાખ્યાન આપ્યું હતું. સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ત્રણ વિદ્યાર્થીનીઓને વન વિભાગ દ્વારા ઈનામો આપવામાં આવ્યાં હતાં. કાર્યક્રમને અંતે કૉલેજ અને ઍનઍસઍસ પ્રોગ્રામ કો-ઑર્ડિનેટર પ્રા. નરેન્દ્ર પટેલે આભાર દર્શન કર્યું હતું.

## ચૌધરી મહિલા પી.ટી.સી. કોલેજમાં ગાંધી જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સેકટર-૭માં આવેલી ચૌધરી મહિલા પીટીસી કોલેજમાં ૨ ઓકટોબર ગાંધી જયંતિ નિમિત્તે તાલીમાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો જીવન મૂલ્યોના વિકાસ અર્થે યોજવામાં આવ્યા હતા.

કોલેજના પ્રાર્થના હોલમાં તાલીમાર્થીઓ દ્વારા ગાંધીજીના જીવન પ્રસંગો અને જીવનનો પરિચય આપતા વકતવ્યોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગીત, ભજન, ધૂન, સ્તુતિ અને બાળગીતો દ્વારા ગાંધીજીના જીવનની ઝાંખી કરાવી હતી. કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકો તથા આચાર્યએ હાજરી આપી તાલીમાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

## જિલ્લા વક્તૃત્વ સ્પર્ધામાં દ્વિતિય

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩માં આવેલા કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલી ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજની વિદ્યાર્થિનીએ તાજેતરમાં જિલ્લા કક્ષાની આંતર કોલેજ વક્તૃત્વ સ્પર્ધામાં સુંદર દેખાવ કરી દ્વિતીય નંબર મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું હતું. સત્ય સાંઈ સંસ્થા દ્વારા ગાંધી જયંતિના દિવસે જિલ્લાકક્ષાની આંતર કોલેજ વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. વક્તૃત્વ સ્પર્ધામાં ૧૮ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉમા આર્ટસ કોલેજની પ્રિયંકા સોજીત્રાએ જિલા કક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં સુંદર વક્તૃત્વ કરી દ્વિતીય નંબર મેળવ્યો હતો.

## હરિયાણા ખાતે આયોજિત લોનડોજ બોલ ટુર્નામેન્ટમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ ઝળક્યા

ગાંધીનગર, તા ૫

દ્વિતીય રાષ્ટ્રીય લોનડોજ સેમિનાર અને આંતરરાજય ચેમ્પિયનશીપ ૨૦૧૨ લોનડોજ બોલ ફેડરેશન ઑફ ઈન્ડિયા દ્વારા રોહતક, હરિયાણા ખાતે ટુર્નામેન્ટ યોજાઈ હતી જેમાં દેશના સાત રાજયોએ ભાગ લીધો હતો.

પશ્ચિમ ભારતનાં ગુજરાત રાજય, ગાંધીનગર જિલ્લાની ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજાના ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં બે વિદ્યાર્થીઓ રોશન પટેલ અને શૈલેષ દેસાઈએ ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ તેમજ પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યા હતા. ૧૫ વિદ્યાર્થીઓને સર્ટિફીકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જી.આઈ.પી. એસ. સ્કૂલના વ્યાયામ શિક્ષક શ્રી વિક્રમ બી.રાવલને ઉપરોકત સેમિનારમાં રેફરીની ફરજ માટે પ્રોત્સાહિત ટ્રોફી અને બી ગ્રેડ સર્ટિફીકેટ એનાયત કરવામાં આવ્યો હતો. લોનડોજ બોલ સેમિનારમાં ગુજરાતમાંથી જી.આઈ.પી.એસ. રાંધેજા સ્કૂલના બાળકોને પ્રથમવાર ભાગ લઈને રાજ્યનું તેમજ સ્કૂલનું ગૌરવ વધારેલ છે. શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ચૌધરી આર્ટ્સ કૉલેજના એનએસએસ યુનિટ દ્વારા હરણ ઉદ્યાનની મુલાકાત



ગાંધીનગર, તા. ૫

સૅક્ટર-૭ ખાતે કાર્યરત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના એનએસએસ યુનિટની સ્વયંસેવિકાઓએ તાજેતરમાં હરણ ઉદ્યાનની મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનીય છે કે રાજય સરકાર દ્વારા ગત તા. બીજી ઑક્ટોબરથી વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણીનો આરંભ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત આ મુલાકાત ગોઠવવામાં આવી હતી. મુલાકાતનો હેતુ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવવાનો હતો.

આ મુલાકાતમાં એનએસએસની ૧૨૦ સ્વયંસેવિકાઓ ઉપરાંત પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર પ્રા. નરેન્દ્ર પટેલ જોડાયા હતા. મુલાકાત દરમ્યાન વન વિભાગ દ્વારા એક વ્યાખ્યાનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં પક્ષી નિષ્ણાત ઈર્ષાદ ઠેબાએ વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપ્યું હતું.

## ડિગ્રી ઈજનેરી કોલેજોમા હજુ મોટાપાયે જગ્યાઓ ખાલી છે

### આચાર્યોની ૭૫ ટકા, પ્રોફેસરની ૯૦ ટકા, લેક્ચરરની ૭૩ ટકા જગ્યા ખાલી : પોલીટેકનીકમાં કથળેલી સ્થિતિ

અમદાવાદ, તા. ૫

ગુજરાતની ૧૬ સરકારી ડિગ્રી ઈજનેરી કોલેજ અને ૨૫ પોલીટેકનીકમાં ગુજરાત સરકારની બેદરકારીના કારણે લાંબા સમય સુધી અધ્યાપકોની જગ્યાઓ ખાલી રહી છે. જેના કારણે ગુજરાતમાં સરકારી ઈજનેરી ડિગ્રી-ડિપ્લોમાં કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની કારકિર્દી ઉપર ગંભીર અસર થઈ છે. તેમ ભાજપ સરકાર વિકાસના મોટા મોટા દાવા કરે છે. તેની સામે માહિતી અધિકાર કાયદા હેઠળ બહાર આવેલ શિક્ષણ સ્ટાફની વિગતો અંગે વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતની સરકારી ઈજનેરી ડીગ્રી ડીપ્લોમા કોલેજોમાં વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૧ દરમિયાન જુદા જુદા સમયે સ્ટાફ અંગેની વિગતો તપાસતા ૧૬ ઈજનેરી કોલેજોમાં માત્ર ૪ માં જ કાયમી પ્રિન્સીપાલ હતા. પ્રોફેસરની ૨૭૮ મંજૂર જગ્યાઓમાંથી ૨૫૨ જગ્યાઓ, આસીસ્ટન્ટ પ્રોફેસરની ૫૪૦ જગ્યાઓમાંથી ૩૮૮ જગ્યાઓ અને લેક્ચરરની ૧૧૮૩માંથી ૮૬૮ જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. સરકારી ૨૫ ડિપ્લોમા કોલેજોમાં માત્ર ૪ જ કોલેજમાં આચાર્ય છે. જયારે હેડ ઓફિસ ડીપાર્ટમેન્ટની ૨૫૩ જગ્યાઓમાંથી ૧૫૯ જગ્યાઓ ખાલી છે. જયારે લેકચરરની ૨૪૫૧માંથી ૧૭૦૪ જગ્યાઓ ખાલી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડો. મનીષ દોશીએ રાજ્યની સરકારી ડીગ્રી ડીપ્લોમા ઈજનેરી કોલેજોની માહિતીનું વર્ગીકરણ કરતા જણાવ્યું હતું કે, સરકારી ડીગ્રી ઈજનેરી કોલેજોમાં તા. ૧.૧.૨૦૧૧ના રોજ આચાર્યોની ૭૫ ટકા, પ્રોફેસરની ૯૦ ટકા અને લેક્ચરરની ૭૩ ટકા જગ્યાઓ ખાલી પડી છે. જયારે ડીપ્લોમા ઈજનેરી કોલેજમાં આચાર્યની ૮૪ ટકા, હેડ ઓફ ડીપાર્ટમેન્ટની ૬૩ ટકા અને લેક્ચરરની ૭૦ ટકા જગ્યાઓ ખાલી પડી છે. ઉત્તરોત્તર પ્રિન્સીપાલ, પ્રોફેસર, હેડ ઓફ ડીપાર્ટમેન્ટ જેવી સિનીયર જગ્યાઓ ઘણા લાંબા સમયથી ખાલી રહેવાથી સંસ્થાઓમાં શૈક્ષણિક નેતૃત્વ, સિસ્ટમ વ્યવસ્થા અને વહીવટમાં મોટા પ્રમાણમાં ખામી દેખાય છે.

## ગાંધીનગર નર્સિંગ કોલેજ ખાતે તનાવ મુકિત અંગે સેમિનાર





ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાં આવેલી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં તાજેતરમાં તનાવ મુકિત સેમિનાર કપ વર્કશોપનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જુદી જુદી ૧૪ કોલેજના વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થિની જિજ્ઞા સૂર્યવંશીએ ગણેશ વંદનાથી કરી હતી તથા તનાવ મુકિત સેમિનારમાં ડૉ. રામભાઈ પટેલે સ્વાગત પ્રવચન આપી વર્તમાન સમયમાં મોંઘવારી, મંદી, આતંકવાદ, ભૌતિકવાદ અને અંગત જીવનના કલેશો તણાવ વધારતા હોવાનું જણાવ્યું હતું તથા પ્રા. આશાબહેન અને પ્રા. ફાલ્ગુની બહેને આ પ્રસંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અસરકારક અને જીવંત રીતે રજૂ કર્યું હતું. પ્રજાપિતા બ્રહ્માકુમારીઝે ૨૦મી સદી એ સ્ટ્રેસની સદી અને ૨૧મી સદી પેનિકની સદી બની રહી છે તેમ જણાવી વિચારાત્મક, ભાવનાત્મક અને સંબંધાત્મક એકાત્મકતા પર ભાર મુકયો હતો.

રામચંદ્ર મિશનના ડૉ. જીજ્ઞેશ શેલતે મેડીટેશનની ટેકનિક દ્વારા મનને વશમાં કરવાનું જણાવ્યું હતું. આગંતુક પ્રધ્યાપક રામચંદ્ર પટેલે દસ મિનિટમાં લીંબુ, કેળા અને ચા જેવા ઘરગથ્થુ ઉપચારો વડે વૈજ્ઞાનિક રીતે સ્ટ્રેસ ઘટાડવાના ઉપાયો વર્ણવ્યા હતા. ડૉ. વિનુભાઈ પટેલે મનોસ્વાસ્થની ટીપ્સ આપી હતી. ગૂંજન હાસ્ય કલબના અમૃતભાઈ મોઢ અને વડીલોએ હાસ્ય થેરાપી અને વિવિધ હાસ્ય કસરતો કરાવી હતી.

નર્સિંગ કોલેજમાં યોજાયેલા તનાવ મુકિત સેમિનારમાં સંવેદના ફાઉન્ડેશનના ટ્રસ્ટી ભાઈલાલભાઈ પટેલ, સર્વ વિદ્યાલય મંડળના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ, મેડિકલ કોલેજના ઈન્ચાર્જ ડૉ. પંકજ સોંદરવા, બ્રહ્માકુમારીઝના ધર્મિષ્ઠાબેન, રામચન્દ્ર મિશનના ડૉ. જીજ્ઞેશ શેલત, કેમ્પસ ડાયરેકટર સોમભાઈ પટેલ, નર્સિંગ કોલેજના કાઉન્સીલર ડૉ. આર.જે. વ્યાસ તથા આચાર્યા રવીનાબેન ક્રિશ્ચીયન ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા ઈન્ટરક્લાસ ચેસ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સેક્ટર-૧૫માં આવેલી સરકારી વિજ્ઞાન કોલેજમાં તાજેતરમાં ઈન્ટરક્લાસ ચેસ પ્રતિયોગીતાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચેસ સ્પર્ધામાં કોલેજના ૨૦ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સરકારી વિજ્ઞાન કોલેજની સપ્તધારા અંતર્ગત ખેલકૂદ, યોગ અને વ્યાયામ ધારા દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે ઈન્ટર ક્લાસ ચેસ પ્રતિયોગીતાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચેસ સ્પર્ધામાં ૨૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

સ્વીઝ પદ્ધતિથી સ્પર્ધાને અંતે ભાઈઓના વિભાગમાંથી પાર્થ પીલવાઈકર પ્રથમ નંબરે, દિલીપ બલદાણીયા દ્વિતીય નંબરે તેમજ ભાલચન્દ્ર પરમાર તૃતીય નંબરે વિજેતા જાહેર થયા હતા. બહેનોના વિભાગમાં જીનલ પટેલ પ્રથમ ક્રમે, ઋચિ શર્મા દ્વિતીય ક્રમે અને પૂનમ કણજારીયા તૃતીય ક્રમે વિજેતા જાહેર થઈ હતી. વિજેતા સ્પર્ધકોને કોલેજના આચાર્યા પ્રજ્ઞાબેન વાઢેર, પ્રો. પી.એસ. પટેલ તેમજ જીમખાના સમિતિના અધ્યક્ષ પ્રા. વાય.એમ. પટેલે અભિનંદન પાઠવ્યા હતા. સ્પર્ધાનું સમગ્ર આયોજન કો-ઓર્ડિનેટર વાય.એમ. પટેલ અને એન.બી. ખાચર દ્વારા કરવામાં આવ્યું હતું.

## હૃદયથી લેવાતા મૂંગા રામનામ કરતાં મોટેથી બોલાતા અને અન્યના કર્ણપટલે અથડાતા રામનામ કે રામધૂનની શક્તિ અને પ્રભાવ અનેકગણા વધી જતા હોય છે !

### કરસનભાઈ બ્રહ્મ મુહૂર્તમાં ઉઠીને કરસનભાઈ સેકટર-૨૩ના આંતરિક માર્ગો પરથી પસાર થતાં સેકટર-૨૨ના શોપિંગ સેન્ટર સુધી જાય છે, ત્યાંથી પાછા ફરી પોતાના ઘરે પહોંચે ત્યાં સુધીમાં સાડા પાંચ વાગી ગયા હોય અને સાથેના થેલામાંના ભાખરીના કકડાઓનો જથ્થો પણ ખલાસ થઈ ગયો હોય !

**આગવો માણસ - આપણો માણસ**

\- કિશોર જીકાદરા

માલીબેન વહેલી સવારે ચાર વાગે અચૂક ઊઠી જાય. શિળાયો, ઉનાળો કે ચોમાસું, માલીબેનને ઉઠવામાં આળસ કરવી પાલવે તેમ નથી. કેટલાય જીવોના સવારના નાસ્તાની જવાબદારી તેમના શિરે છે.



ફટાફટ મોટી મોટી દસેક ભાખરીઓ બનાવી નાંખે. ટૂકડા કરી એક થેલીમાં ભરી આપે ત્યાં સુધીમાં તેમના પતિ કરસનભાઈ તૈયાર થઈ ગયા હોય. ભળભાંખરૂ થવાને હજી વાર હોય, ઘડિયાળમાં સાડા ચાર વાગ્યા હોય ત્યારે હોઠ પર રામનામ અને હાથમાં ભાખરીની થેલી સાથે કરસનભાઈ સેકટર-૨૩ના બી ટાઈપના સરકારી ક્વાર્ટરનાં બ્લોક નંબર ૧૪૪ માંથી ચાલતાં ચાલતાં નીકળી પડે. કરસનભાઈ માને છે કે, દિવસના ચોવીસ કલાકના આપણે એકલા ધણી નથી! આઠ નવ કલાક નોકરીમાં જાય, સંસારની જવાબદારી લઈને બેઠા હોઈએ એટલે પરિવારને પણ પાંચ સાત કલાક આપવા પડે અને આઠેક કલાકની ઊંઘ. ચોવીસ કલાકમાંથી ખુદને માટે સમય કાઢવો હોય તો ઊંઘ ઓછી કરી શકાય. કરસનભાઈએ પોતાની આગવી ઊંઘમાંથી એક કલાક ઓછો કરી નાંખ્યો છે! તેમનું માનવું છે કે, આમ કરવાથી એ વાતનો સંતોષ રહે છે કે સેવા અને સંસાર બંને સમતોલ રીતે નિભાવી શકયા છીએ. સેવા માટે તેમણે પ્રાતઃ સાડા ચારથી સાડા પાંચ વચ્ચેનો પોતીકો સમય પસંદ કર્યો છે. બ્રહ્મ મુહૂર્તમાં ઉઠીને કરસનભાઈ સેકટર-૨૩ના આંતરિક માર્ગો પરથી પસાર થતાં થતાં સેકટર-૨૨ના શોપિંગ સેન્ટર સુધી જાય છે. ત્યાંથી પાછા ફરી પોતાના ઘરે પહોંચે ત્યાં સુધીમાં સાડા પાંચ વાગી ગયા હોય અને સાથેના થેલામાંના ભાખરીના કકડાઓનો જથ્થો પણ ખલાસ થઈ ગયો હોય! કૂતરાઓને ભાખરી ખવડાવવાનો આ ઉપક્રમ કરસનભાઈ છેલ્લા ત્રણ-ચાર વર્ષથી અવિરતપણે કરી રહ્યાં છે. આ દુનિયામાં ઘણાં શ્વાનપ્રેમીએ હશે. કરસનભાઈ પણ એક શ્વાનપ્રેમી છે પણ તેમના શ્વાનપ્રેમ પાછળ છૂપાયેલી નાનકડી છતાં રસિક દાસ્તાન 'જરા હટકે' હોવાથી મને અહીં ઉતારવી ગમી છે.

કરસનભાઈનું વતન પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાનું મહિયારી ગામ. ધોરણ-૧૧ સુધીનું શિક્ષણ બાજુના ગામ બાંટવામાં લીધું. પિતા જીવાભાઈ ખેતી કરે. પરિવારની આર્થિક સ્થિતિ સામાન્ય પણ આ મેર યુવાનના લોહીમાં સાહસિકતા ભારોભાર. આ સાહસિક ગુણને આધારે કયારેક પોલિસ ખાતાની કે લશ્કરની નોકરી મળી જશે તેવો વિશ્વાસ ખરો. જૂનાગઢનાં નહેરૂ યુવાકેન્દ્રના તાલિમાર્થીઓમાંથી લાયક ઉમેદવાર પસંદ કરવા તે સમયે આર્મીની સિલેક્શન કમિટી આવે. આર્મી માટે પસંદ ન થવાય તો એસ.આર.પી.ની તક પણ મળે. સામાન્ય રીતે લશ્કરમાં જવાની ઈચ્છાવાળા ઉમેદવારો ઓછા હોય, ઉમેદવારો ઓછા હોય એટલે સ્પર્ધા પણ ઓછી થાય. સરકારી નોકરી માટે કરસનભાઈએ બહુ પ્રતિક્ષા ન કરવી પડી. બે જ વર્ષમાં એટલે કે ૧૯૮૩માં એસ.આર.પી. ગ્રુપ-૧૩ માં હથિયારધારી કોન્સ્ટેબલની મહિને ૫૫૪ રૂપિયાની પગારની નોકરી મળી ગઈ. નવ મહિનાની પૂર્વ તાલીમ પુરી કરી. ગુજરાતના વિવિદ શહેરોમાં જ નહીં, મધ્યપ્રદેશ, હરિયાળા, પંજાબ અને બિહારમાં પણ ફરજ ફજાવવા જવું પડ્યું. કોન્સ્ટેબલમાંથી ડ્રાઈવર થયા અને બઢતી મેળવીને સુપરવાઈઝર પણ થયા. ૨૩ વર્ષની નોકરી પછી વતનનો લાભ મળ્યો. ત્રણેક વર્ષ પોરબંદર રહ્યા. હાલ કરસનભાઈ ગાંધીનગર સેકટર-૨૭ ખાતે આવેલા એસ.આર.પી. ગ્રુપ-૧૨માં પોલીસખાતાના વાહનોના સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે. અગાઉ ખેતી હતી ત્યારે એક શ્વાન પાળેલો. આ વફાદાર શ્વાનને સૌ પીરો કહેતા. કરસનભાઈના પિતાજીની સ્મશાનયાત્રામાં પીરો પણ જોડાયો. પીરાને ભાતું આપ્યું તો પીરાએ સૂંઘ્યું પણ નહીં! માલિકના વિયોગનો ગમ પીરાને ભારોભાર હતો. બે ત્રણ દિવસ સુધી એણે કંઈ ખાધું નહીં. પિતાના બારમાના દિવસે મોટે ભાગે લોકો ગામ જમાડે, બટુક ભોજન કરાવે, પણ આ કરસનભાઈએ તો કંઈ જુદું જ વિચારી લીધું હતું! બે ડબ્બા ઘી, બે ડબ્બા ગોળ અને પાંચ મણ ઘઉંના લોટનો શીરો બનાવીને આજુબાજુના બધા શ્વાનોને જમાડી કરસનભાઈએ પોતે શ્વાનપ્રેમી હોવાનું સાબિત કરી આપ્યું. પોરબંદરની બાજુના રતનપર ગામે ચાલતા પરમપૂજ્ય સંત શ્રી દેવાબાપાના આશ્રમની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ જેવી કે પંખીને ચણ, ગૌશાળા, સત્સંગ ઉપરાંત ખાસ કરીને અખંડ રામધૂનથી કરસનભાઈ ઠીકઠીક પ્રભાવિત થયા હતા. આ અખંડ રામધૂનનો મહિમા દેવાબાપાએ પ્રેમભિક્ષુ મહારાજ પાસેથી જાણ્યો હતો. પોરબંદર હતા ત્યારે કરસનભાઈ રામનામ સંકીર્તનમાં અત્યંત સક્રિય હતા. દરમિયાન કરસનભાઈની પોરબંદરથી ગાંધીનગર બદલી થઈ. જો કે કરસનભાઈ પોતાની ફરજ પણ ભજન જેટલી સાહજિકતા અને પવિત્રતાથી બજાતા હતા છતાં પર પોરબંદર છોડ્યું એટલે રામનામની ધૂનનો ધર્મલાભ છૂટી ગયો એવો વસવસો કરસનભાઈને આ શહેરમાં આવ્યા બાદ સતત સતાવતો હતો.

કરસનભાઈને ત્યારે એકાએક યાદ આવ્યું કે દેવાબાપા તો કહેતા કે રામનામ લેવા માટે આશ્રમની કે કોઈ નિમિત્તની કયાં જરૂર છે? હરતા ફરતા, ઉઠતા બેસતા, સૂતા જાગતા, રામનામ તો તમે જ્યાં ચાહો ત્યાં અને જયારે ચાહો ત્યારે લઈ શકાય છે. હાં, એ ચોક્કસ છે કે હૃદયથી લેવાતા મૂંગા રામનામ કરતાં મોટેથી બોલાતા અને અન્યના કર્ણપટલે અથડાતા રામનામ કે રામધૂનની શક્તિ અને પ્રભાવ અનેકગણા વધી જતા હોય છે! આમ તો કરસનભાઈ જયારે નવરા પડે ત્યારે મનોમન રામ સ્મરણ કરતા રહેતા હોય છે પણ દેવાબાપાના સૂચન પ્રમાણે માત્ર પોતાની જાત નહીં સમગ્ર વાતાવરણ પવિત્ર થઈ જાય તે રીતે રોજ એક કલાક રામધૂન કરવાનો ઉપક્રમ સવારના સાડા ચારથી સાડા પાંચ વચ્ચેના સમયમાં સારી રીતે ગોઠવી શકાશે તેમ કરસનભાઈને લાગ્યું. રામનામ સંકીતર્ન માટે કોઈની રાહ જોવાની નહોતી. એક દિવસે બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠીને નીકળી પડ્યા. સેકટર-૨૩ના આંતરિક માર્ગો પર!

(વધુ આવતાં અંકે...)